**<u>અમદાવાદના મે.એડી.ચીફ મેટ્રો.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૨૫, અમદાવાદ.</u>**
**<u>ક્રિમિનલ કેસ નં.૮૬૨૬૭/૨૧</u>**

**<u>આંકઃ–</u>**

**ફરીયાદીઃ–** શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી:–** જગદીશભાઈ સુથારભાઈ સોલંકી
રહે. સી/૩૦, મ્યુ સ્ટાફ કર્વાટસ, સારંગપુર બ્રીજ પાસે, ગોમતીપુર

**<u>આંક–૧ નીચે હુકમ</u>**

(૧) આ કેસના આરોપી સામે સાબરમતી પોલીસ સ્ટેશન સે.ગુ.રજી.નં. ૧૯૫૦/૧૯ થી ધી ઈન્ડી.ઈલે.સીટી એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ (૧)(એ) મુજબના ગુના સબબ ચાર્જશીટ દાખલ થયેલું છે.

(૨) આ કામના આરોપીને જામીન મુકત કરેલ છે અને તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરી તેઓનું નિવેદન લેતાં તેઓએ પોતાના બચાવમાં ખાનગી વકીલ રોકવાના હોવાનું જણાવેલ છે.

(૩) ચાર્જશીટ વંચાણે લેતાં આરોપી વિરૂધ્ધ નોંધાયેલા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અત્રેની અદાલતને ન હોઈ તથા સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અને હકુમત ખાસ અદાલતને જ રહેલી હોઈ નીચે મુજબનો કમીટલ હુકમ કરવામાં આવે છે.

**<u>: હુ ક મ :</u>**

૧. સદર કેસનું અસલ રેકર્ડ અને પ્રોસેડીંગ નામદાર સત્ર અદાલત, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને તાત્કાલીક મોકલી આપવું.

૨. સદર કેસ કમીટ થયાની જાણ પબ્લીક પ્રોસીક્યુટરશ્રી, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને કરવી.

૩. આરોપીને નામદાર સત્ર અદાલત, સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ ખાતે ઈન્સાફી કાર્યવાહી સારૂ જ્યારે અને જ્યાં ફરમાવે ત્યારે અને ત્યાં હાજર રહેવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(મનોજકુમાર રાધેશ્યામ લાલવાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫,અમદાવાદ.
(**Code No. GJ01124**)

અમદાવાદ.
તા. ૦૮/૦૪/૨૦૨૪